## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૬/૦૨/૨૦૨૩ થી તા. ૦૪/૦૩/૨૦૨૩ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૮/૨૦૨૩ તા.૨૫/૦૨/૨૦૨૩ :-**

તા-૨૫/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે પ્લે નં ૦૪ ઉપર એક બાળક એકલો બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તેની માતા ટીકીટ લેવા ગયેલ હોવાનુ જણાવતા સદર બાળકને ટીકીટ બારી પાસે લઇ જઇ તેની માતાની શોધખોળ કરતા મળી નહી આવતા તેને વિશ્વાસમાં લઇ વધુ પુછપરછ કરતા તેને જણાવેલ કે તે તેના ઘરે રમતો હતો અને રમતા રમતા ટ્રેનમાં બેસી ગયેલ તેમ જણાવતા તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સાજન કુમાર સ/ઓ સિપનસિગ જાતે કુમાર ઉ.વ. ૧૦ ધંધો અભ્યાસ રહે ગામ દોરીકરયા બિહાર એટલુ જણાવતો હોય જેથી સદર બાળકના વાલીવારસો ન મળી આવે ત્યા સુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ છે.

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૬/૨૦૨૩ તા.૨૭/૦૨/૨૦૨૩ :-**

તા-૨૭/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગ માં હાજર હતા તે વખતે એક બાળક એકલો બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે માતાપિતા ઝગડો કરતા અને તેને મારતા હોય જેથી તે ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર નીકળી આવેલ હોવાનુ જણાવતા તેને વિશ્વાસમાં લઇ બાળકને પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતાનુ નામ કાર્તિક સ/ઓ રામકલેશ જાતે યાદવ ઉ.વ ૧૧ ધંધો અભ્યાસ રહે સંજય નગર ઘેલખડી નવસારીના માતાપિતાના મોબાઇલ નંબર વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે તેને કોઇના નંબર યાદ ન હોય જેથી નવસારી રેલ્વે આઉટ પો.સ્ટ ના પો.કો. પ્રવિણ રઘુનાથ નાઓનો સંપર્ક કરી તેને હકીકત જણાવતા પ્રવિણભાઇએ બાળક વિશે માહીતી આપતા જણાવેલ કે સદર બાળકના માતાપિતા આંધળા હોય તમારી ત્યા બાળક છે તે સૌથી મોટો છોકરો છે તેમ જણાવતા સદર બાળકના માતાપિતા એકલા આવી શક્તા ન હોય જેથી તેની બાજુમાં રહેતા સુલ્તાનભાઇના ઘરની દેખરેખ રાખતા હોય જેથી સુલ્તાનભાઇના મો નં આપતા તેઓ સાથે સંપર્ક કરી વાત કરતા સદર બાળકની માતાએ જણાવેલ કે આ સુલ્તાનભાઇ અમારા બાપ જેવા છે અને તેઓ અમને તથા અમારા છોકરાઓને સાચવે છે જેથી આ સુલતનભાઇને મારા તથા મારા દિકરાના આધાર પુરાવા લઇને મોકલુ છુ જેથી બાળકને તેઓને સોપી દો તેમ જણાવતા સદર બાળકના દાદા નવસારીથી આવતા તેનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેમને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૬/૨૦૨૩ તા.૨૭/૦૨/૨૦૨૩ :-**

તા-૨૭/૦૨/૨૦૨૩ ના રોજ આર.પી.એફ.ના કર્મચારીઓને એક બાળક મળી તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મ્ફમદ સ/ઓ ફરદાજ જાતે શેખ ઉ.વ. ૧૩ ધંધો અભાસ રહે. પ્લ. નં ૧૩૧ મગદુમનગર મીઠીખાડી સુરત વાળો હોવાનુ અને તેને ભણવા બાબતે માર મારતા તે ઘરે થી કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતો હોય તેના જણાવેલ સરનામે વુ.એ.એસ.આઇ. મનીષાબેન પોલીસ સ્ટાફ સાથે જઇ ચેક કરતા તેના માતા પિતા મળી આવતા તેઓનુ નિવેદન તથા યોગ્યઆધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો પોલીસની હાજરીમાં તેના માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૫/૨૦૨૩ તા.૦૩/૦૩/૨૦૨૩ :-**

તા-૦૩/૦૩/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીંગમા હાજર હતા તે વખતે પ્લે.નં. ૧ ઉપર એક બાળક એકલો બેસેલ જોવામા આવતા તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પવન સ/ઓ રજિત જાતે ભીલ ઉ.વ. ૧૨ ધંધો અભ્યાસ રહે કબ્રસ્તાન ચોકડી કનીપુર જગન્નાથ ફળીયુ નડીયાદ વાળો હોવાનુ અને તેને જણાવેલ કે મારા માતાપિતા મને પ્રેમ કરતા ન હોય અને...

...મારા બીજા ભાઇ બહેનને પ્રેમ કરે છે જેથી તેને ગમતુ ન હોવાથી તે ઘરે થી જાણ કર્યાવગર નીકળી આવેલ હોવાનુ જણાવતા સદર બાળક વિશે નડીયાદમાં રહેતા વુમન પો.કો. રીટાબેન નાઓનો સંપર્ક કરી સદર બાળક વિશે માહિતી આપી તપાસ કરવા જણાવતા તેઓએ સદર બાળકની બાજુમાં રહેતા મહેશભાઇ જેઓ હોમગાર્ડ માં નોકરી કરતા હોય તેઓનો મો નં ૮૪૬૯૬૭૫૦૩૮ આપતા તેઓને બાળકની હકીકત જણાવતા તેઓએ જણાવેલ કે સદર બાળકના પિતા બિમાર છે અને તેની માતા ઘરકામ કરવા જાય છે જેથી તેમની પાસે ફોન નથી અને હુ તેઓને જાણ કરીને સુરત મોકલી આપીશ તેમ જણાવતા સદર બાળકના વાલીવરસો ન આવે ત્યાં સુધી તેને અસ્થાઇ આશ્રય માટે વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડામાં નોધ કરવામાં આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા